dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

June 2009 | For private circulation only | Vol. 01 - Issue 12

१.सिद्धाणं नमो किच्चा संजयाणं च भावओ । अथधम्मगइं तच्चं अणुसट्ठिं सुणेह मे ॥ (**सिद्धों और संयत-आत्माओं को भाव-भरा नमस्कार कर में अर्थ (साध्य) और धर्म का ज्ञान करानेवाली तथ्यपूर्ण अनुशासना का निरुपण करता हूं । वह मुझसे सुनो ।**) २. सिक्खा दुविहा- (**शिक्षा के दो प्रकार है**)- १. गहणसिक्खा (**१. ग्रहण शिक्षा-ज्ञानात्मक शिक्षा ।**) २. आसेवणसिक्खा य । (**२. आसेवन शिक्षा प्रयोगात्मक शिक्षा ।**) चउव्विहा खलु सुयसमाही भवइ, तं जहा- (**श्रुत एक समाधि-समाधान है । उसके चार उद्देश्य है**)- १. सुयं मे भविस्सइ त्ति अज्झाइयव्वं भवइ । (**१. मुझे ज्ञान प्राप्त होगा, इसलिए मुझे पढना चाहिए ।**) २. एगग्गचित्तो भविस्सामि त्ति अज्झाइयव्वं भवइ । (**२. मैं एकाग्रचित बनूंगा, इसलिए मुझे पढना चाहिए ।**) ३. अप्पाणं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ । (**३. मैं अपने आपको स्थिर बनाऊंगा, इसलिए मुझे पढना चाहिए ।**) ४. ठिओ परं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ । (**४. मैं स्थिर होकर दूसरों को स्थिर बनाऊंगा, इसलिए मुझे पढना चाहिए ।**)

आगम सूत्र

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ભારતીય ચિંતનની બે પ્રમુખ વિચારધારાઓ રહી છે. એક છે, બ્રાહ્મણ પરંપરા જેના મુખ્ય આધારભૂત ગ્રંથો - વેદોને માનવામાં આવે છે. બ્રાહ્મણ ધર્મમાં દશ અવતારોની માન્યતા પોષાઈ છે. અવતારો માટે જીવપણાની કે સાધકપણાની આવશ્યકતા નથી કેમ કે ઈશ્વર મુકત છે અને કાંઈક કાર્ય કરવા માટે ઈરાદાપૂર્વક જન્મ લે છે તેવી માન્યતા છે, બીજી ધારા શ્રમણ પરંપરા છે જેમાં બૌદ્ધોમાં ચોવીસ બુદ્ધો અને જૈનોમાં ચોવીસ તીર્થંકરોની માન્યતા પોષાઈ છે. બુદ્ધ કે તીર્થંકર તરીકે ખ્યાતિ મેળવનાર પુરુષ જન્મથી પૂર્ણ, ઈશ્વર કે મુકત હોય છે એમ મનાયું નથી. પરંતુ, અનેક જન્મો સુધી સાધના કરતો આવેલો જીવ છેવટે પૂર્ણતાના છેલ્લા પગથીએ આવી પહોંચે ત્યારે તે તીર્થંકરપણાને પામે છે. આવા પુરુષના વચનોનું સંકલન તેના પ્રમાણભૂત ગ્રંથો મનાય છે. આ સાહિત્ય આગમ સૂત્રો તરીકે પ્રચલિત છે. તીર્થંકર પરંપરા આદિ તીર્થંકર ઋષભદેવથી શરૂ થઈ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી સુધી વિસ્તરેલી છે. જૈનોમાં મહાવીરની ઉપાસનાને આધારે બે ભેદ છે. જે વસ્ત્ર સહિત મહાવીરની ઉપાસના કરે છે તે શ્વેતામ્બર, તથા જે નિર્વસ્ત્ર ઉપાસના કરે છે તે દિગમ્બર.

શ્વેતામ્બર શાખા પૈકીના એક પંથ તેરાપંથની સ્થાપના જૈન મુનિ આચાર્ય ભિક્ષુ દ્વારા વર્ષ-૧૭૬૦માં કરવામાં આવી. આ સંપ્રદાયમાં આચાર્ય ભિક્ષુ ઉપરાંત ચોથા આચાર્ય જીતમલ તથા નવમા આચાર્ય તુલસી દ્વારા સામાજિક ઉત્થાન માટે નવો રાહ ચિંધવામાં આવ્યો છે. હાલના દસમા આચાર્ય મહાપ્રજ્ઞજી માનવ જીવન ઉત્કૃષ્ટ બને તે માટે સંકુચિત ધર્મના કોચલામાંથી બહાર નીકળી સર્વ ધર્મ સમભાવનો સંદેશો પ્રસરાવી રહયા છે. આ પંથનું નામ હાર્દ ધર્મના તેર સિધ્ધાંતો છે તેના પરથી આપવામાં આવ્યું છે. જેમાં પાંચ મહાવ્રતો, પાંચ નિયમનો (સમિતિઓ) તથા ત્રણ અંકુશો (ગુપ્તી)નો સમાવેશ થાય છે. તાજેતરમાં આચાર્ય મહાપ્રજ્ઞજીનો નેવુંમો જન્મ દિવસ 'પ્રજ્ઞાપર્વ સમારોહ' તરીકે ઉજવાયો. જેમાં યુનિવર્સિટી તથા કોલેજોને આચાર્યશ્રી દ્વારા અપાયેલ ધર્મ, શિક્ષણ તથા સંસ્કૃતિને સ્પર્શતા વિવિધ સાહિત્યની ભેટ આપવામાં આવી.

આચાર્ય મહાપ્રજ્ઞજી દ્વારા પ્રવર્તમાન સમાજની સમસ્યાઓનું નિવારણ જૈન સંપ્રદાયના અહિંસાના સ્વરૂપને નવા રૂપે અણુવ્રતો, પ્રેક્ષાધ્યાન તથા જીવનવિજ્ઞાન એમ ધ્યાનાકર્ષક છે. જૈન વિશ્વભારતી, લાડનું (રાજસ્થાન) દ્વારા જૈન સાહિત્યનું સંશોધન તથા પ્રકાશન આચાર્ય મહાપ્રજ્ઞજીના માર્ગદર્શન હેઠળ થઈ રહયું છે. જૈન સંસ્થાઓમાં ઉપલબ્ધ અનેક હસ્તપ્રતોને નવા સ્વરૂપે તૈયાર કરવામાં આવી રહી છે. એમાંય ખાસ કરીને મૂળ ગ્રંથો જે પ્રાકૃત ભાષામાં છે તેનું સંસ્કૃત તથા હિન્દી ભાષામાં રૂપાંતરનું કાર્ય અદ્વિતીય છે.

નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટના એક અંદાજ મુજબ ભારતમાં ૫૦ લાખ જેટલી હસ્તપ્રતો છે. જે પૈકી ૧૦ લાખ જેટલી હસ્તપ્રતોના કેટલોગનું કાર્ય થયેલ છે. ભાષા પ્રમાણે વર્ગીકરણ કરતાં ૬૭% જેટલી હસ્તપ્રતો સંસ્કૃત ભાષામાં, ૨૫% જેટલી હસ્તપ્રતો અન્ય ભારતીય-અપભ્રંશ, પ્રાકૃત જેવી ભાષાઓમાં છે. જયારે ૮% હસ્તપ્રતો અન્ય ભાષાઓ-અરેબીક, પર્શીયન, તિબેટનમાં છે. આચાર્ય

મહાપ્રજ્ઞજીના વિશેષ પ્રયત્નોથી આ સમગ્ર સાહિત્યના રૂપાંતરનું કાર્ય મોટા પાયા પર થઈ રહયું છે.

જૈન આગમ-સાહિત્યને ચાર ભાગોમાં વિભાજીત કરવામાં આવે છે જેમાં દ્રવ્યાનુયોગ (દર્શનશાસ્ત્ર, તત્વમીમાંસા), ચરણકરણાનુયોગ (આચારશાસ્ત્ર), ગણિતાનુયોગ (ગણિતશાસ્ત્ર) તથા ધર્મકથાનુયોગ (ધર્મકથા)નો સમાવેશ થાય છે. આ ચારે બાબતોને એક સાથે સંકલન કરી તેનો એક ગ્રંથ 'સમણસૂતં' મહાવીર સ્વામીની ૨૫૦૦મી જન્મ જયંતી વર્ષમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેને 'ગીતા' તથા 'ધમ્મપદ' જેવી ખ્યાતિ જૈનધર્મમાં મળી છે. આચાર્ય મહાપ્રજ્ઞજી દ્વારા વિવિધ સ્થાનો પર ચાર્તુમાસ તથા શ્રમણ દરમ્યાન અપાયેલ પ્રવચનોને 'મહાપ્રજ્ઞને કહા' નામની શ્રેણી રૂપે પ્રકાશિત કરવામાં આવી છે. જેના ૨૬ ભાગ પ્રગટ થયા છે. જેનું ગુજરાતીમાં અનુવાદ 'મહાપ્રજ્ઞ વાણી' શીર્ષક તળે પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જૈન સંપ્રદાયની વિચારસરણી માત્ર જૈન પરિવારો તથા જૈન દેરાસરો પૂરતી મર્યાદિત હતી તેને આચાર્યશ્રીના વિશિષ્ટ પ્રયત્નોથી વિભિન્ન સંપ્રદાયો, ધર્મો તથા સમાજના વિભિન્ન વર્ગો સુધી વિસ્તરી રહી છે. શિક્ષણના સંદર્ભમાં આગમો આધારિત સિધ્ધાન્તો મુનિશ્રી પ્રવર્તમાન સંજોગોમાં રજૂ કરી જીવનવિજ્ઞાનનો બોધ આપી રહયા છે. તેમના સાહિત્યનાં કેટલાક વિચારો :

- દરેક વ્યકિતમાં જ્ઞાનની ક્ષમતા છે, આનંદ છે અને શકિત છે. જ્ઞાન, આનંદ અને શકિત - આ પ્રાણીનું લક્ષણ છે. માત્રાભેદ હોઈ શકે છે. આપણું શિક્ષણ આ ત્રિ-પદી આધારિત હોવું જોઈએ. એવું શિક્ષણ - જે જ્ઞાનને વિકસિત કરે, એવું શિક્ષણ જે તેની શકિતનો અનુભવ કરાવે અને એવું શિક્ષણ જે તેનો વિકાસ કરે. કાર્યકૌશલ, વ્યવહારકૌશલ અને આચરણકૌશલ આ ત્રણેયમાં શિક્ષણની આખી વાત આવી જાય છે.

- વિદ્યાલયનું કામ મૂર્ખતા અને મૂઢતા દૂર કરવાનું છે. મૂર્ખતાનો સંબંધ બુદ્ધિના વિકાસ સાથે છે. જયારે મૂઢ એ છે જે ભણેલો હોવા છતાં મૂર્ખથી વિશેષ મૂર્ખતા કરે છે. એક તો અજાણતા ખોટું કરે છે, બીજો જાણી જોઈને ખોટું કરે છે. વિદ્યાલયનું કામ જીવનમાંથી મૂર્ચ્છા, ભ્રાંતિ દૂર કરી શાંતિ અને આનંદનું જીવન, તનાવમુકત જીવન જીવી શકે તે રીતનું ઘડતરનું છે.

- શિક્ષણના બે સ્ત્રોત છે. 'શબ્દ' અને 'જીવન વ્યવહાર'. શબ્દોના માધ્યમથી માણસ અમુક વાતો ગ્રહણ કરે છે. આજે માત્ર શાબ્દિક શિક્ષણ ચાલે છે. એ જ શીખવવામાં આવે છે જે પુસ્તકોમાં લખ્યું હોય છે. એનાથી જાણકારી મળે છે પણ માણસ કેળવાતો નથી. શબ્દોનો વ્યવહાર આવડે છે હૃદયની ભાષા આવડતી નથી.

- વિદ્યાલય માત્ર અજ્ઞાન મટાડવાનું કેન્દ્ર ન બને, જાણકારી આપવાની સાથે સાથે તે વિદ્યાર્થીના મૂર્છાચક્રને પણ તોડે, જેનાથી જીવનનો આનંદ પ્રાપ્ત થાય. શિક્ષણના સંદર્ભમાં વિચારણીય વાત એ છે કે ઈમોશનલ ડેવલપમેન્ટ કઈ રીતે થાય ? ભાવાત્મક વિકાસ કેમ થાય ? એનો શિક્ષણમાં સમાવેશ કેમ થાય ? આ બહુ મહત્વનો પ્રશ્ન છે.

- કેળવણી દ્વારા બંને વાત થવી જોઈએ. અજ્ઞાન પણ દૂર થાય અને વિવેકની ચેતના પણ જાગે. ચરિત્રનો સંબંધ વિવેક સાથે છે. અજ્ઞાનનો વિલય ચરિત્રની પૃષ્ઠભૂમિ બની શકે છે. આચાર્ય તુલસીએ ચરિત્રને માટે એક આચારસંહિતા બનાવી, એનું નામ રાખ્યું-'અણુવ્રત'. 'અણુવ્રત'-ચરિત્રની આચારસંહિતા છે. ચરિત્રનો મૂળ આધાર છે સંયમ. વર્તમાન શિક્ષણની એ જ તો મર્યાદા છે કે ભણાવવામાં ઘણું આવે છે પણ સંયમનો પાઠ ભણાવવામાં આવતો નથી. પ્રારંભથી જ શિક્ષણની સાથે સાથે સંયમનો પાઠ ભણાવવામાં આવે તો મસ્તિષ્કનો વિકાસ થશે, ચરિત્રનો પણ વિકાસ થશે. બંનેનું સંતુલન ખુબ જરૂરી છે.

- સંયમ છે તો સંકલ્પશકિત વધશે. એ વ્યકિત, એ સમાજ અને રાષ્ટ્ર પ્રગતિ કરી શકે છે, જેનામાં સંકલ્પની શકિત છે. જેની પાસે સંયમની શકિત છે તે નિરંતર જાગરૂક રહે છે. આ સફળતાનું એક સૂત્ર છે. જેનો સંકલ્પ સૂતો હોય તે પોતે પણ સુષુપ્ત રહે છે અને બીજાને પણ સુષુપ્ત રાખવાનું કામ કરે છે. જેના જીવનમાં સંયમ નથી, એની સંકલ્પશકિત જાગ્રત થઈ શકતી નથી, એટલે શિક્ષણની સાથે સંયમનો પાઠ અનિવાર્યપણે જોડવો જોઈએ. જીવનવિજ્ઞાન દ્વારા સંયમ કે સંકલ્પશકિતને જગાડવાનો પ્રયોગ કરાવવામાં આવે છે.

છેલ્લે, આચાર્ય મહાપ્રજ્ઞજીના નવા જીવનદર્શનની વાતથી 'દીપે અરુણું પરભાત'નું સમાપન કરીશ.

આજે એવા જીવનદર્શનની જરૂરત છે જે અતીત, વર્તમાન અને ભવિષ્યને આપસમાં જોડી શકે. જુનું દર્શન તત્વમીમાંસા સાથે વધારે જોડાયેલ છે. આ તત્વમીમાંસાને જીવનગત કરવા માટે જીવનવ્યવહારમાં લાવવાની જરૂર છે. ધર્મ જેટલો ચિંતન અને માન્યતા સાથે જોડાયેલો છે તેટલો જીવન-વ્યવહારથી જોડાયેલ નથી. વર્તમાનયુગની જીવનશૈલી માટે નવા જીવનદર્શનની આજે સર્વાધિક જરૂરત છે, એ દર્શનનું નામ છે અનેકાન્ત. અનેકાન્તના સૂત્રો છે- સાપેક્ષતા, સમન્વય અને સહઅસ્તિત્વ. સાપેક્ષતાના સ્વીકારથી સમાજમાં સંવેદનશીલતા પ્રગટશે. સંવેદનશીલતા ભાઈચારામાં પરિવર્તિત થતાં સ્નેહ, સંપ વધશે. સાપેક્ષતામાંથી જોડવાની પ્રવૃત્તિ થશે જેનાથી સમન્વય પ્રગટશે. આજે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના સ્વીકારની ખાસ જરૂર છે.

જુન-૩૦, ૨૦૦૯ — બી.એ. પ્રજાપતિ
સુરત. — કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સમર ફિટનેસ કેમ્પ



યુનિવર્સિટીની વિવિધ રમતોના આંતર યુનિવર્સિટી ખેલાડી ભાઈ/બહેનોનો સમર ફીટનેસ કેમ્પ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાઈ ગયો. કુલપતિશ્રી બી. એ. પ્રજાપતિ સાથે આ ખેલાડીઓનો એક પરિચય અને મિલન સમારંભ સેનેટ હોલમાં યોજાઈ હતો. સમારંભમાં શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા (ચેરમેન, બોર્ડ ઓફ સ્પોર્ટસ અને સિન્ડિકેટ સભ્ય) પ્રો. શ્રી કિરીટસિંહ વાસદીયા, (સિન્ડિકેટ સભ્ય) શ્રી જે. આર. મહેતા (કુલસચિવશ્રી) શ્રી પોલ ડેવિડ (નિયામક, યુ.ક અને શા.શિ.) કોચ શ્રી રાજુ ભાલાવાલા (યુનિવસિટી બાસ્કેટબોલ કોચ) ઈ.ચા.આચાર્ય શ્રી દિનેશ સારંગ, સેન્ટ્રલ એકસાઈઝ અધિકારીશ્રી અમરજીતસિંહ અને એથ્લેટીક કોચ શ્રી મિનેષ નિઝામા  હાજર રહયા હતા. શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ સ્વાગત પ્રવચન કર્યુ. શ્રી પોલ ડેવિડે ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. પ્રસ્તુત કેમ્પમાં ૧૨૦ ખેલાડી ભાઈઓ/બહેનોએ ભાગ લીધો. યુનિવર્સિટીના આ કેમ્પમાં ખેલાડીઓમાં ક્વોલીટી ડેવલપ કરવા માટે સવાર/સાંજ સાયન્ટીફીક ટ્રેનીગ આપવામાં આવી હતી. જેથી ખેલાડીઓમાં સ્પીડ, એન્ડયોરન્સ, ઈન્ડરન્સ સ્ટ્રેન્થ અને એજીલીટી વધુ સારી રીતે અને ઝડપથી ડેવલપ થઈ શકે.

શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ જણાવ્યું કે, અન્ય યુનિવર્સિટી કરતા આપણી યુનિવર્સિટીના ખેલાડીઓને મહત્તમ સુવિધાઓ મળી રહે છે. હવે આપણા કોચીસ અને ખેલાડીઓએ આ પ્રશિક્ષણનો લાભ લઈ સારું પરિણામ મેળવવાનું છે. જેથી આપણી યુનિવર્સિટીની કીર્તિ દેશમાં થઈ શકે. ખેલાડીઓ કેમ્પસમાં જે શીખે તેની પ્રેકટીસ વર્ષ દરમ્યાન કરતા રહી સાથી ખેલાડીઓને પણ તેનો અભ્યાસ કરાવતા રહી વધુ સારું પરિણામ પ્રાપ્ત કરી શકશે. સિન્ડિકેટ સભ્યશ્રી કિરીટસિંહ વાસદીયાએ ફિટનેસ કેમ્પનું મહત્વ સમજાવી કહયું કે વ્યકિત જીવનની અંતિમ ક્ષણ સુધી પ્રેકટીકલી જે જ્ઞાન મેળવે છે તેનો ઉપયોગ વધુ સારી રીતે સમજીને કરી શકતો હોય છે. કારણ કે શરીર, મન તથા જીવનની પ્રક્રિયામાં એ સામેલ થઈ ગયું હોય છે.

કુલપતિશ્રીએ આનંદ અને ગૌરવ સાથે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં આપણી આ બીજી યુનિવર્સિટી છે જે નિયમિત રીતે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. માત્ર બૌધિક વિકાસથી વ્યકિતત્વનો પૂર્ણ વિકાસ થઈ શકે નહિ. રમવાની ઉંમરે ભણવામાં, ત્યાર પછી કમ્પ્યૂટર રમતોમાં, મોબાઈલમાં એમ સતત શારીરિક પ્રવૃત્તિથી દૂર રહેતા વિદ્યાર્થીઓના માત્ર બૌધિક વિકાસને કારણે અનેક શારીરિક મુશ્કેલીઓ જાણે અજાણે વિદ્યાર્થીઓમાં પ્રવેશી જાય છે. માટે રમત-ગમતને ભણતર જેટલું જ પ્રાધાન્ય આપવું એ આજના સમયની તાતી જરૂરિયાત છે. જેનાથી આપ સૌ ખેલાડી ભાઈઓ/બહેનોની પ્રતિભા અને શકિત ઉજાગર થશે અને યુનિવર્સિટીને ઉજળું પરીણામ દેખાશે. સમર ફિટનેસ કેમ્પના પરિચય અને મિલનના સમારંભનું સંચાલન શ્રી સુલ્લુભાઈ ભરૂચાએ કર્યુ હતું.

## NAAC

### List of affiliated Colleges accredited by NAAC (On 15-6-2009)

(1) Akhand Anand Arts & Commerce College, Ved Road, Surat - 395004, CGPA : 1.92, Grade : C

(2) Dr. B. R. Ambedkar Education Society's Siddharth Law College, Navagam - 394185, N.H.8, Near Dada Bhagvan Mandir, Kamrej Char Rasta, Dist.Surat, CGPA : 2.44, Grade : B

(3) Saraswati Van Vidya Mandal Sanchalit Bububhai B. Avichal Arts & Commerce College, Mandvi-394160, Near Telephone Office, Kim Road, Dist. Surat. CGPA : 2.23, Grade : B

(4) Mahamandleshwar Shri Krishnandji College of Commerce, Bharuch - 392001, College Campus, Old NH No. 8. CGPA : 2.60, Grade : B

(5) Smt. Jarbanu Phirojsha Shroff Arts College, Valsad - 396 001. Dr. Monghabhai Vidyasankul, Shri Moraji Nagar, Tithal Road, P. B. No. 63. CGPA : 2.54, Grade : B

(6) J. M. Shah Arts & Commerce College, Jambusar - 392150, Jivanlal Shah Marg, College Campus, Dist. Bharuch. CGPA : 2.50, Grade : B

(7) Shah Narottamdas Harjivandas Commerce College, Valsad - 396001, Dr. Moghabhai Desai Sankul, Shree Morarji Desai Nagar, Tithal Road P. B. No. 48. CGPA : 2.44, Grade : B

(8) Shah Khimchandbhai Muljibhai Law College, Valsad - 396001, P. B. No. 78, Dr. Moghabhai Vidya Sankul, Shri Morarji Nagar, Tithal Road. CGPA : 2.06, Grade : B

(9) Janta Kelavni Mandal Arts & Commerce College, Motapondha - 396191, Via Vapi, Dist. Valsad. CGPA : 1.74, Grade : C

(10) Bhulabhai Vanmalibhai Patel Institute of Business Management Computer & Information Technology, Surat - 394 350. Gopal Vidyanagar, Bardoli-Mahuva Road. CGPA : 2.41, Grade : B

(11) Jivan Jyot Trust, Amroli Prof. V.B. Shah Institute of Management, R. V. Patel College of Commerce (Eng. Med.), V. L. Shah College of Commerce (Guj. Med.) & R. K. Shah Women's Arts College, Amroli-Surat - 394107, "Saraswati Shaikshanik Sankul" Chhapra Bhatha Road. CGPA : 2.10, Grade : B

(12) Sarvajanik Education Society Surat People's Bank English Medium College of Commerce, Surat - 395007, V. T. Choksi Campus, Near Lal Bunglow Athwa Lines. CGPA : 2.53, Grade : B

## Ph. D.

**A list of doctrol theses accepted by Veer Narmad South Gujarat University, Surat during February-June 2009.**

**Bioscience**

1. Desai Ruchi Nimit. **Control potential of certain plant products against mosquitoes.** (Dr. Pankaj K. Hiradhar), Ex. Professor, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat.

2. Prajapati Vandanaben Nathubhai. **Studies on sickle Cell disorders in south Gujarat.** (Dr. S. K. Tank), Reader, Department of Bio Science, Veer Narmad South Gujarat University, Surat.

**Chemistry**

3. Bhatt Riddhish Rajeshkumar. **Spectral, thermal and chelation studies of copolymer resins derived from ortho and para hydroxybenzoic acid and their analytical applications in separation of heavy metal ions.** (Dr. (Mrs.) Bhavna A. Shah), Reader, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

4. Gandhi Ashishkumar Ishwarlal. **Synthesis and microbial studies of novel nitrogen containing heterocyclic compounds.** (Dr. N. B. Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

5. Patel Dharmesh Sukhabhai. **Advanced Oxidation Process : a potential Technique with reference to removal of reactive dyes from polluted water.** (Dr. (Mrs.) Saurabh K. Patel), Reader, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

6. Patel Hemantkumar Gajanandbhai. **Studies on novel acrylic homo and co-polymers.** (Dr. I. J. Patel), Vice-Principal, Sir P.T. Sarvajanil College of Science, Surat.

7. Patel Manojkumar Gopalbhai. **Studies in the synthesis and application of some acid, disperse and reactive dyes on different natural and synthetic fabrics.** (Dr. Gitaben C. Desai), Sir P. T. Sarvajanik College of Science, Surat.

**Comparative Literature**

8. Thaker Titiksha Dhananjaya. **India and indianness : a themetic and comparative study of kim (Rudyard Kipling), a passage to India. (E. M. Forster) Siddhartha (Harmann Hesse) and Gora (Rabindranath Tagore).** (Dr. Ashvin Desai), Ex. Professor & Head, Department of Comparative Literature, V.N.S.G. University Surat.

**Computer Science**

9. Patel Ketan Ambalal. **E-mail archiving disaster recovery, business continuity and arm library translation tool.** (Dr. Bankim Patel), Director, Shrimad Rajchandra Institute of Management and Computer Application, Gopal Vidhyanagar.

**Economics**

10. Joshi Prashant Maheshchandra. **Stock market volatility : a study of indian stock markets.** (Dr. Kiran Pandya), Prof. & Head, Department of Research Methodology and Interdisciplinary Studies in Social Sciences, Veer Narmad South Gujarat University, Surat.

**Education**

11. Gamit Urmilaben Gurjibhai.**રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનારા શિક્ષકોનો વ્યકિતઅભ્યાસ.** (Dr. Shashikant Shah), Professor & Head, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

12. Patel Manishkumar Mohanlal. **ઉચ્ચતર પ્રાથમિક કક્ષાનાં બાળકો માટે બુદ્ધિકસોટીની રચના અને પ્રમાણીકરણ.** (Dr. Dipika B. Shah) Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

13. Raval Bhaveshkumar Ishvarlal. **વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશમાં શિક્ષક પ્રશિક્ષણ : એક સર્વગ્રાહી સમીક્ષાત્મક અભ્યાસ.** (Dr. R.B. Chaudhari), Reader, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

**H.R.D.**

14. Narendra Kantilal Patadia. **Emerging pattern of HRD practices in Gujarat (a study of inter unit comparison of human resource management and development practices in fertilizer industry in Gujarat.** (Dr. Y. S. Purohit), Ex. Professor, Department of Research Methodology and Interdisciplinary Studies in Social Sciences, Veer Narmad South Gujarat University, Surat.

**GUJARATI**

15. Patel Chandrikaben Dahyabhai. **ભારતીય નવલકથામાં ભારતીય નારી (''સાત પગલાં આકાશમાં'' (ગુજરાતી), ''અમૃતસ્ય પુત્રી'' (બંગાળી), ''પત્તાનામહેલ' (તેલુગુ), સંસ્કાર' (કન્નડ) ''ચિત્રપ્રિયા'(તમિલ), ''યયાતિ' (મરાઠી), ''નદી કે દ્વિપ' (હિન્દી) ના વિશેષ સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ.)** (Dr. Ashvin Desai), Ex. Professor & Head, Department of Comparative Literature, Veer Narmad, South Gujarat University, Surat.

**MATHEMATICS**

16. Dhodiya Jayeshbhai Mohanbhai. **Development of mathematical model for optimum cropping pattern and of knowledge management system in crop management.** (Dr. P. H. Bhathawala), Professor & Head, Department of Mathematics, Veer Narmad, South Gujarat University, Surat.

**Mechanical Engineering**

17. Patel Vikaskumar Jashvantlal. **Experimental and analytical imvestigations of multicylinder hydrogen fuelled s. i. engine.** (Dr. S. A. Channiwala), Professor & Head, Department of Mechanical Engineering, S.V.N.I.T, Surat.

**Public Administration**

18. Chowdhry Surendar Kumar. **Preventive detention under COFEPOSA act : a study of its relevance in contemporary times.** (Dr. A. Venkatraman), Professor & Head Department of Public Administration, Veer Narmad, South Gujarat University, Surat.

**Sanskrit**

19. Parekh Dipakkumar Pramodray, रुपगोस्वामीप्रणीतः 'उज्ज्वलनीलमणिः' **એક સમીક્ષાત્મક અધ્યયન.** (Dr. Ninaben Bhavnagari), Lecturer, M. T. B. Arts College, Surat.

20. Trivedi Mahendrakumar Himmatlal. **પુરાણોમાં વાસ્તુવિચાર (મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ અને ગરુડપુરાણના સંદર્ભમાં)** (Dr. Nina C. Bhavnagari), Lecturer, Department of Sanskrit, M.T.B. Arts College, Surat.

**Sociology**

21. Pandya Mehulkumar Nirbhayaram. **ધરતીકંપની સામુદાયિક જીવન ઉપર અસરો : આપત્તિના સમાજશાસ્ત્રમાં એક અભ્યાસ.** (Dr. Pravez A. Abbasi), Professor, Department of Sociology, Veer Narmad South Gujarat University, Surat.

## અનુદાન

યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કેમિસ્ટ્રિને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન નવી દિલ્હી દ્વારા DRS - Phase - I - Special Assistance Programme અંતગર્ત નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે ૨૬,૨૦,૦૦૦ રૂપિયાનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

## સ્ટડી સર્કલ

યુનિવર્સિટીના રિસર્ચ મેથોડોલોજી એન્ડ ઈન્ટર ડીસ્પ્લીનરી સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સ વિભાગમાં સ્ટડી સર્કલના ઉપક્રમે તા. ૦૨-૦૭-૨૦૦૯ના રોજ બપોરના ૪-૦૦ કલાકે શિષ્ટ અર્થશાસ્ત્ર **(classical economics)** વિષય ઉપર **MLW/MHRD** ના વડા ડૉ. કે. એમ. પંડયાનું વ્યાખ્યાન તેમજ ચર્ચાનું આયોજન કરવામાં આવેલ છે. અર્થશાસ્ત્ર વિષયમાં રસ ધરાવતા અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓને ભાગ લેવા આમંત્રણ છે.

## કોન્ફરન્સ



યુ.જી.સી., નવી દિલ્હી અને શૈક્ષણિક પ્રશાસન વિભાગ, હાર્વર્ડ યુનિવર્સિટી, વોશિંગ્ટન અને આંતરરાષ્ટ્રીય શિક્ષણાવિદ યુ.એસ.એ. ના સહયોગથી શ્રી રામકૃષ્ણ મિશન વિદ્યાલય કોલેજ ઓફ એજયુકેશન કોઈમ્બતૂર ખાતે તા. ૧૧-૧૩ જુન, ૨૦૦૯ દરમ્યાન "એજયુકેશનલ લીડરશીપ પ્રિપરેશન એન્ડ પ્રેકિટસિસ ઈન ઈન્ડિયા" વિષય પર એક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરસમાં સમાંતર સત્રના જૂથ ત્રણ માટે યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એજયુકેશનના રિડર ડૉ. ઉમ્મદે સિંહે અધ્યક્ષ સ્થાને કામગીરી કરી. ડૉ. સિંહની અધ્યક્ષતામાં ૧૧ પેપર પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. જેમાંથી ૭ પેપર સંશોધન આધારિત હતા અને પાવરપોઈન્ટ સ્લાઈડ શો દ્વારા તેની રજૂઆત થઈ હતી.

## Faculty Corner

Peoples Council of Education, India, Homi Bhabha Centre for Science Education Tata Institute of Fundamental Research Mumbai દ્વારા તા. ૦૫-૧૦-૨૦૦૯ થી ૦૮-૧૦-૨૦૦૯ દરમ્યાન 'Science Education in India' વિષય ઉપર Second Peoples Education Congressનું આયોજન Homi Bhabha Centre for Science Education, TIFR, મુંબઈ ખાતે કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે યુ.જી.સી. વિભાગ-શ્રી હિતેશ ડી. વાઘેલા, આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર તથા તંત્રી, બી. જે. અંકુયા, દક્ષિણાયનનો સંપર્ક કરવો.

## ભેટ : ગ્રંથો

- શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી મુકતજીવન સ્વામી બાપા સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ, મણિનગર, અમદાવાદ તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં પ્રગટ થયેલ બાવન ગ્રંથો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.
- ભારત સરકાર, કેન્દ્રિય હિન્દી નિદેશાલય, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને હિન્દી ભાષામાં પ્રસિધ્ધ થયેલ ૬૯ પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.
- The Central Institute of Indian Language, Govt. of India, Mysore તરફથી યુનિવર્સિટી ગ્રંથાલયને અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલ ૫૫ ગ્રંથો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

# કોલેજ ન્યૂઝ

## ઊજવણી



તા. ૦૫/૦૬/૨૦૦૯ ના રોજ વિશ્વ પર્યાવરણ દિનની ઊજવણી નિમિતે શ્રી સી. એન. કોઠારી હોમીયોપેથિક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા પર્યાવરણ જાળવણી અંગે વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા હતા. જેની શરૂઆત પૌષ્ટિક અલ્પાહારથી કરવામાં આવી ત્યારબાદ પર્યાવરણ તેમજ જાગૃતિને લગતા સૂત્રો સાથે વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક સ્ટાફે વિશાળ રેલી યોજી હતી, ત્યારબાદ સમગ્ર કોલેજની આસપાસના વિસ્તારનું સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેને વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ખૂબ જ ઉત્સાહ - પૂર્વક પાર પાડયું હતું. સાથે સાથે યુનિવર્સિટી પરીક્ષામાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. જેમાં જે તે વિદ્યાર્થીઓ જે તે વૃક્ષોની જાળવણી માવજતની જવાબદારીની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ તમામ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ વિશાળ સંખ્યામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તેમજ સમગ્ર શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફનો પણ ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમના અંતે પ્રિ. ડૉ. જયોતિ રાવે સમગ્ર વિદ્યાર્થીગણ તેમજ સ્ટાફનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. હીમા પંડયા તેમજ ડૉ. જે. જે. જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

## આનંદોત્સવ



એમિટી શૈક્ષણિક સંકુલ ભરૂચ સ્થિત એમિટી બી. એડ. કોલેજ, ભરૂચ દ્વારા તા. ૧૧-૦૬-૨૦૦૯ ના રોજ કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી. એ. પ્રજાપતિના મુખ્ય મહેમાનપદે તથા અતિથિ વિશેષ પદે શ્રી હર્ષદભાઈ શાહ, ઉપાધ્યક્ષ, પશ્ચિમ વિભાગ, વિદ્યાભારતીની ઉપસ્થિતિમાં આનંદોત્સવની ઊજવણી કરવામાં આવી હતી.




આ પ્રસંગે શૈક્ષણિક વર્ષ ૨૦૦૬-૨૦૦૯ ના ગુ.રા.મા.શિ.બોર્ડ દ્વારા લેવાયેલ એસ.એસ.સી., એચ.એસ.સી. ની પરીક્ષામાં જિલ્લામાં સ્થાન પ્રાપ્ત કરનાર એમિટી શાખાના ૯ અને અન્ય ૧૪ તેજસ્વી વિદ્યાર્થીઓનું કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ તથા શ્રી હર્ષદભાઈ શાહના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.





તદ્ઉપરાંત એમિટી શિક્ષક તાલીમ કોલેજના સામયિક **bloddom@edu** ના પ્રથમ અંકનું વિમોચન કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી. એ. પ્રજાપતિના હસ્તે કરવામાં આવ્યું.

## સત્ર પારંભ



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિટ વી.ટી. ચોકસી બી. એડ્. કોલેજ, સુરતના વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના પ્રથમ સત્રનો પ્રારંભ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. હરિકૃષ્ણ જોષી તથા અધ્યક્ષશ્રી સ્થાને રૂપીનભાઈ પચ્ચીગર અને શ્રી જયોતિન્દ્ર લેખડીયા પધાર્યા હતા. સ્વાગત પ્રવચન પ્રિ. ડૉ. વિનોદ પટેલે કર્યું હતું. આભાર વિધિ ડૉ. કે.વી.દેસાઈએ કરી હતી. અને કાર્યક્રમનું સંચાલન ડો. નરેન્દ્ર ગોહિલે કર્યું હતું.

## વિમોચન



સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી.ટી. ચોકસી બી. એડ્. કોલેજ, સુરતના પ્રાધ્યાપક ભાવેશ ઠાકર લિખિત પુસ્તક 'લો આ રહયો કમ્પ્યુટરનો ક, ખ, ગ, ' નું વિમોચન બીલીમોરા બી. એડ્. કોલેજના આચાર્ય ડૉ. નાનુભાઈ પટેલના હસ્તે થયું હતું. આ પ્રસંગે શિક્ષણ વિદ્યાશાખાના ડીન પ્રિ. ડૉ. વિનોદ પટેલ, ડૉ. કે. વી. દેસાઈ, પ્રિ. જે. પી . ગોહીલ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ બિ. એડ્. કોલેજના આચાર્યો અને અધ્યાપકો ઉપસ્થિત રહયા હતા.

## ખેલ-જગત



નવયુગ કોમર્સ કોલેજ, સુરતની ટીમ પાવર લીફટીંગ સ્પર્ધામાં યુનિવર્સિટીમાં ચેમ્પિયન બની હતી. શ્રી મનન ભટ્ટ ૬૦ કે.જી. વેઈટમાં પ્રથમ, શ્રી ફેનિલ પટેલ ૯૦ કે.જી. વેઈટમાં બીજો, શ્રી સૌરભ સારંગ ૮૫.૫ કે.જી. વેઈટમાં બીજા ક્રમે આવ્યા હતા. વેઈટ લીફટીંગ સ્પર્ધામાં કોલેજ રનર્સઅપ રહી હતી.

## રોજગાર



(ગુજરાત સરકાર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પ્લેસમેન્ટ કોલ દ્વારા વાડિયા વિમેન્સ કોલેજ ખાતે આયોજીત રીલાયન્સ એચ.આર. સર્વિસીસના રોજગાર મેળા દરમ્યાન વિદ્યાર્થીને એપોઈન્ટમેન્ટ લેટર આપતા કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિ, ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજના આચાર્ય તેમજ ડિસ્ટ્રીકટ કો.-ઓર્ડિનેટર અશોક એમ. દેસાઈ, આનંદભાઈ ચોખાવાલા, પ્રિ. મહેન્દ્રભાઈ ભટ્ટ, પ્રિ. ગોપાલભાઈ ભટ્ટ, રીલાયન્સના અધિકારીઓ નિશાંત પ્રસાદ, વિજય સિંગ.)

સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસમાંથી નોકરી મળી રહે તેના પ્રયાસરૂપે ગુજરાત સરકાર ઉચ્ચ શિક્ષણ કમિશ્નર દ્વારા વાડિયા વિમેન્સ કોલેજ ખાતે ૩ જુનના રોજ રીલાયન્સ એચ. આર. સર્વિસીસ દ્વારા નોકરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા થઈ હતી. શ્રીમતી કેતકીબહેન શાહે પ્રાર્થના કરી હતી. ઝેડ. એફ. વાડિયા વીમેન્સ કોલેજના આચાર્ય તેમજ ડિસ્ટ્રીકટ કો. ઓર્ડિનેટર અશોક એમ. દેસાઈએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. આ નોકરી મેળામાં સુરત જિલ્લાના કુલ ૩૫૮ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. જે પૈકી ૫૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને તે જ દિવસે નિમણૂંક પત્રક આપવામાં આવ્યા હતા. આ નોકરી મેળાની વિશેષતા એ હતી કે જયાં આજના વિદ્યાર્થીઓએ વ્હાઈટ કોલર જોબને વધુ પસંદ કરે છે તે સમયે નિમણૂંક થયેલા વિદ્યાર્થીઓએ માર્કેટિંગ ફિલ્ડમાં જવાનું વધુ પસંદ કર્યુ હતું. આ કાર્યક્રમમાં સુરતની કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયાં હતાં. જેનો સંપૂર્ણ યશ કોલેજના આચાર્યોને અને પ્લેસમેન્ટ કોલને જાય છે.

કુલપતિ પ્રોફે. ડૉ. બી. એ. પ્રજાપતિએ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. કુલપતિશ્રીએ તેમના વકતવ્યમાં તમામ કોલેજોને આ પ્રકારના પ્રયત્નો કરવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારના પ્રયત્નોમાં યુનિ. તેમજ સરકાર એક માધ્યમ બની રહે છે. આ ઉપરાંત સ્ટેટ લેવલની કમિટિ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી. સ્ટેટ કો. ઓર્ડિનેટર મહેન્દ્રભાઈ ભટ્ટે

ભવિષ્યમાં આઈસીઆઈસીઆઈ અને યુરેકા ફોર્બ્સ એવી કંપની પણ આવા જોબ ફેરનું આયોજન કરશે. કાર્યક્રમના પ્રમુખ તેમજ વિદ્યામંદિર સોસાયટીના મંત્રી આનંદભાઈ ચોખાવાલાએ આ પ્રવૃત્તિની સરાહના કરી હતી. આ ઉપરાંત તેમણે વકતવ્યમાં જણાવ્યું હતું કે સરકારે ૨૦ વર્ષ પહેલાં જેટલો વહીવટી ખર્ચ આપવાનું નક્કી કર્યુ હતું. તે જ આજે સંસ્થાઓને આપવામાં આવે છે. જેમાં વધારો કરવો જોઈએ. જેથી સંસ્થાએ વિદ્યાર્થીઓની પ્રગતિ માટે આવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરી શકે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને કુલપતિ ડો. બી. એ. પ્રજાપતિના હસ્તે નિમણૂંકપત્ર આપવામાં હતા. કાર્યક્રમની આભારવિધિ પ્રા. જયેશભાઈ ચૌહાણે કરી હતી તેમજ કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષા વાંઝાએ કર્યુ હતું.

રાજય કક્ષાની પ્લેસમેન્ટ કોલની સમિતિના સભ્યો અમદાવાદની એચ. કે. કોમર્સ કોલેજ અને કીકાભાઈ શાસ્ત્રી કોલેજના આચાર્ય ગોપાલભાઈ ભટ્ટ અને ગીતાબેન પંડયા અને સુરત શહેરની કોલેજના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ અને દિલીપભાઈ વરસાણી ઉપસ્થિત રહયા હતા.

## પરિસંવાદ



ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરત ના પ્રાધ્યાપકોએ યુ.જી.સી., નવી દિલ્હી અને શૈક્ષણિક પ્રશાસન વિભાગ, હાર્વર્ડ યુનિવર્સિટી, વોશિંગ્ટન અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ યુ.એસ.એ.ના સહયોગથી શ્રી રામ કૃષ્ણ મિશન વિદ્યાલય કોલેજ ઓફ એજયુકેશન, કોઈમ્બતુર ખાતે **'Educational Leadership Preparation and Practices in India'** વિષય પર યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં તા.૧૧,૧૨,૧૩ જુન, ૨૦૦૯ દરમિયાન ભાગ લઈ સંશોધન પત્રો રજૂ કર્યા હતા. જેમાં પ્રા. કુ. નિહારિકા પટેલે **'Need of Leader Breeder'**, પ્રા. જિજ્ઞેશ કંથારિયા એ **'Leadership Preparation for Higher Educational Administration'** અને પ્રા. રાજેશ રાઠોડે **'The Role of the School Principal as an Educational Leader'** વિષય પર સંશોધન પત્રો રજૂ કર્યા હતા.

## તાલીમ




સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી.ટી. ચોકસી બી. એડ્. કોલેજ અને સી.ટી.ઈ.સુરતના ઉપક્રમે ગુજરાત રાજયના અંગ્રેજી વિષયના માધ્યમિક શિક્ષકો માટેની કર્મયોગી આર. પી. તાલીમ વેડરોડ ગુરુકુલ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત ભરમાંથી ૧૫૩ જેટલા આર. પી. અને ૧૩ કે. આર. પી. હાજર રહયા હતા. તાલિમનું ઉદ્દઘાટન સ્વામીશ્રી ધર્મપ્રિયદાસજી તથા જિલ્લા શિક્ષણાઅધિકારીશ્રી ડૉ. ઝાંઝુરૂકીયાએ કર્યુ હતું. શિબિરના કોર્સ ડાયરેકટર તરીકે પ્રિ.ડૉ.વિનોદ પટેલ તથા કો. ઓર્ડિનેટર તરીકે પ્રા. ડૉ. વિજય સેવકે જવાબદારી સંભાળી હતી. પ્રિ. અરવિંદભાઈ દેસીયા તથા પ્રિ. ભાવેશ પટેલે આયોજનમાં મદદરૂપ થઈ શિબિર સફળ બનાવી હતી.

## આરોગ્ય





તા.૧૩-૦૬-૨૦૦૯ ના રોજ સી. એન. કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર વ્યારા, ખાતે કોલેજનાં ટ્રસ્ટ અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાનના દશાબ્દિ વર્ષની ઊજવણી નિમિતે કોલેજનાં હોસ્પિટલ ખાતે હોમિયોપેથિક સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૭૫ દર્દીઓને હોમિયોપેથિક સારવાર આપવામાં આવી હતી. તદઉપરાંત કોલેજના ઓડીટોરીયમમાં "પ્રવર્તમાન શિક્ષણમાં શિક્ષકો, વિદ્યાર્થી તેમજ માતા-પિતાની ભૂમિકા" વિષય ઉપર ડૉ. શરીફાબેને વ્યાખ્યાન આપ્યું.

ડૉ. શરીફાબેને પોતાના વ્યકતવ્યમાં પ્રવર્તમાન શિક્ષણની હાલત અંગે જણાવતા કહયું કે "જે પ્રજાનું શિક્ષણ ખાડે જાય તેનું બધુ જ ખાડે જાય," ભણતરનો ભાર વધ્યો છે પરંતુ ભણતર ઘટયું છે. શિક્ષણ અંગે આગળ જણાવતા ડૉ. શરીફાબેને, શિક્ષક, વિદ્યાર્થીઓ તેમજ માતાપિતાની ભૂમિકા, નૈતિકા મૂલ્યો, ફરજો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમજ માતૃભાષામાં શિક્ષણ પર ભાર મુકયો હતો. વકતવ્ય બાદ ડૉ. શરીફાબેન દ્વારા હાજર રહેલ વિદ્યાર્થીઓ, આમંત્રિતો દ્વારા પૂછાયેલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આભારવિધિ સાથે ડૉ. હીમા પંડયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં હતું.

## મુખપત્ર




1. **blossom@edu. (2008-09) (issue 1, 11th June 2009) (Amity College of Education Bharuch)**




2. **आर्जवम्. (2008-09) (issue 1)** (ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્), સુરત.) સંપાદક : કુ. નિહારિકા પટેલ, ડૉ. એસ. સ્નેહલતા અને પ્રા. રાજેશ આર. રાઠોડ.



3. પ્રત્યુષ. (૨૦૦૮-૨૦૦૯, વાર્ષિક અંક) (નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર રોડ, સુરત). સંપાદક : પ્રા. મીસીસ ખુરશીદ એન. પંથકી અને પ્રા. શ્રી એમ.પી. માજીવાલા.



4. નવોન્મેષ. (૨૦૦૮-૨૦૦૯, વર્ષ ૪૩, અંક : ૩૬) (નવયુગ આર્ટસ કોલેજ, રાંદેર રોડ, સુરત). સંપાદક : પ્રા. ડૉ. સાધના પટેલ અને પ્રા. હિના દેસાઈ.



5. સૌરભ. (વર્ષ ૨૦૦૮-૨૦૦૯). (વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન વીર નર્મદ શિક્ષા સંસ્થાન સંચાલિત શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, શ્રી માધવ ઈન્સ્ટીટયુટ ઓફ કમ્પ્યૂટર એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, વિમલ ટોરમલ પોદાર કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ). સંપાદક : પ્રા. નીતાબેન પટેલ, પ્રા. ધર્મીબેન પટેલ અને ઝંખના પરમાર.

## સંપર્ક

'દક્ષિણાયન' માં પ્રસિધ્ધ કરવા માટેના કોલેજ ન્યૂઝ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

# દક્ષિણાયન

## પ્રતિભાવ

આપના તરફથી "દક્ષિણાયન" નિયમિત મળે છે. આપના સદ્‌ભાવ બદલ હૃદયપૂર્વક આભાર.

મુખપત્ર એ કોઈપણ સંસ્થાનું દર્પણ છે. એમાં યે યુનિવર્સિટી જેવી શિક્ષણની સર્વોચ્ચ સંસ્થા માટે મુખપત્રનો મહિમા કંઈ ઓર છે! યુનિવર્સિટીનું પ્રમુખ કાર્ય જ શુધ્ધ વિચારનો પ્રચાર - પ્રસાર છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે મુખપત્ર અત્યંત ઉપયોગી છે.

'દક્ષિણાયન'માં કુલપતિશ્રી બાબુભાઈ પ્રજાપતિનો અગ્રલેખ ખૂબ ચિંતનપૂર્ણ અને વિગતપૂર્ણ હોય છે. એમના જેવા અભ્યાસી અને કર્મઠ કુલપતિ એ યુનિવર્સિટીનું શ્રેષ્ઠ આભૂષણ છે. એમની વિદ્યાનિષ્ઠા અન્ય કુલપતિઓ માટે દીવાદાંડીરૂપ અને પ્રેરક છે.

તમે જે પુસ્તક પરિચય આપો છો ; એમાં પણ ઊંડાણ અને તર્કપૂર્ણ આલોચનાનાં દર્શન થાય છે. એ માટે ધન્યવાદ !

આપનું વિદ્યાતપ સતત વર્ધમાન રહો, એ જ અંતર અભિલાષા !

કુશળ હશો.

પ્રા. તુલસીભાઈ પટેલ
મહેસાણા.

## દીપે અરુણું પરભાત

કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ કૃત 'દીપે અરુણું પરભાત' (દક્ષિણાયન, અંક : ૬ માર્ચ ૨૦૦૯) 'સર્વોદય અભિયાન' (માસિક) તા. ૧૦-૦૫-૨૦૦૯ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે.

# વાચન વિશેષ

## 'અગનપંખ'ની રત્નકણિકાઓ

૧. જે બાબતો ખૂબ હેરાન કરે છે, તે કશુંક શીખવે છે.

૨. જેઓ પોતાનું હૃદય રેડયા વિના કામ કરે છે તેઓ પૂરી સફળતા મેળવી શકતા નથી.

૩. આપણાં ધ્યેયો સિધ્ધ કરવા અને સ્વપ્નાં સાકાર કરવા ઈશ્વર આપણામાં જ શકિત સ્વરૂપે હાજર હોય છે.

૪. બધા બુધ્ધિશાળી લોકો પોતાને અનુકૂળ થઈને રહે છે. માત્ર થોડા બુધ્ધિશાળીઓ, ન મનાય તેમ, જગતને પોતાને અનુકૂળ કરવા સતત પ્રયાસ કરતા હોય છે.

૫. હે પ્રભુ! મારી પરીક્ષા કરો અને મારી લાયકાત સાબિત કરો.

૬. તમે કયાં જાવ છો તે જાણી લો. આપણે કયાં ઉભા છીએ તે વિશે વધુ પડતું જાણવા કરતાં કઈ દિશામાં આગળ વધી રહયા છીએ તે જાણવું મહત્વની બાબત છે.

૭. તમે જે કલ્પના કરશો, તેવુ જ બનશે. તમે જે માનશો તે જ તમે સિધ્ધ કરી શકશો.

૮. જેવી રીતે કાળો અને સફેદ દોરો કાપડમાં સાથે જ વણાય છે, તેમ સારા અને ખરાબ લોકો પણ એક જ સૂર્ય નીચે વસે છે. જયારે કાળો કે સફેદ કોઈ પણ એક દોરો તૂટે છે, ત્યારે વણકર આખા કાપડ પર નજર કરે છે અને લૂમને પણ તપાસે છે.

૯. જે વ્યકિત કોને યશ મળશે તેની પરવા ન કરે, તેના દ્વારા ઈશ્વર અદ્‌ભૂત કાર્યો કરે છે. અહંકારની આસકિત ન જ હોવી જોઈએ.

૧૦. પોતાને ઘણું કામ છે કે પોતાને કોઈનો ટેકો નથી યા તેનું યોગ્ય સન્માન જાળવવામાં આવતું નથી - એવા કકળાટ - બબડાટ તો શકય જ નથી હોતા. તેને બદલે આવી વ્યકિત તો સમસ્યા સામે તેનું માથું ટકરાવી તેનો સામનો કરે છે અને પછી વટથી કહે છે, 'ઈશ્વરના એક બાળક તરીકે મારી સાથે જે કંઈ બને તેના કરતાં હું મહાન છું.'

૧૧. જયારે વ્યકિત પોતાનું મૂલ્યાંકન કરે છે, ત્યારે જે જુએ છે, તેને મોટા ભાગે ખોટી રીતે જુએ છે. તે પોતાના ઈરાદાથી જ જુએ છે. મોટા ભાગના લોકોના ઈરાદા સારા હોય છે, તેથી તેઓ માની લે છે કે તેઓ જે કંઈ કરે છે તે સારું જ હોય છે. વ્યકિત માટે પોતાનાં કાર્યોને તટસ્થ રીતે જોવાં મુશ્કેલ હોય છે. માટે તે ઘણી વાર તેના સારા ઈરાદાઓથી વિરુધ્ધ જ હોય છે.

૧૨. મારી કારકિર્દીને આગળ વધારવા કદી પણ બહારના પ્રભાવનો ઉપયોગ ન કરતો. મને તો માત્ર મારામાં જે શકિત છે તેનો જ ઉપયોગ કરવાની આંતરિક ઝંખના રહેતી. મારી પ્રેરણાનું મૂળ હંમેશા હું કયાં પહોચ્યોં છું તેના કરતાં હજી મારે કેટલું આગળ વધવાનું છે તે વિચારવામાં જ રહેતું.

૧૩. તકલીફો અને સમસ્યાઓ દ્વારા ઈશ્વર આપણને વિકાસ કરવાની તક પૂરી પાડે છે.

૧૪. કોઈ પણ વ્યકિતએ - ભલે તે ગરીબ, વંચિત કે નાની હોય - કયારેય જીવન વિશે હતાશા સેવવાની જરૂર નથી. સમસ્યાઓ તો જીવનનો એક ભાગ છે. પીડા કે સહન કરવું તે તો સફળતાનું સત્વ છે.

૧૫. કયારેય ભવિષ્યની તકો વિશે ચિંતા ન કરવી, બલકે હું જે મારા પસંદગીના ક્ષેત્રમાં જવા ઈચ્છું છું તે વિશે ઉંડી મહત્વાકાંક્ષા તથા પ્રચંડ ઉત્સાહ કેળવી તેનો પાયો મજબુત કરવો.

૧૬. આપણે હળવા અને સંશયરહિત હોઈએ છીએ, ત્યારે જ શ્રેષ્ઠ કામ કરી શકાય છે.

૧૭. નમાજ અથવા તો પ્રાર્થનાનું એક મુખ્ય કાર્ય સર્જનાત્મક વિચારોને પ્રદીપ્ત કરવાનું છે.

૧૮. પ્રેમ વિના તૈયાર કરેલ રોટી હંમેશા કડવી લાગે છે અને તે માણસની અર્ધી ભૂખ જ ભાંગી શકે છે.

લે. ડૉ. અબુલ પાકીર જેનુલાદ્દીન અબ્દુલ કલામ
પૂર્વ રાષ્ટ્રપતિ

(સંકલન : બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન)

શોભા વર્ણું શું હું ઝટ પછી મેઘરાજા પધાર્યા,
વૃક્ષાદિએ હરખથી નમી સ્વસ્તિ શબ્દો પુકાર્યા.
નર્મદ

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com

This newsletter is also available on the Library at website www.vnsgulibrary.org